સરકારી વિભાગો/ખાતાના વડાઓ/તાબાની કચેરીઓ/બોર્ડ/કોર્પોરેશન/નિગમ દ્વારા આઉટસોર્સીંગ/કોન્ટ્રાક્ટ પદ્ધતિથી કર્મચારીઓ/શ્રમયોગીઓને કામે રાખતી વખતે શ્રમકાયદાઓનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા બાબત

ગુજરાત સરકાર
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ
ઠરાવ ક્રમાંક: LED/WRT/e-file/11/2024/0293/M2
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૦૨/૨૦૨૪

વંચાણે લીધા:-

(૧) શ્રમ આયુક્તની કચેરીનો તા.૧૮/૧૦/૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક: શ્ર.આ.ક/ટે.ક/૧૧૮૮ થી૧૨૯૦/૨૦૨૧
(૨)શ્રમ આયુક્તની કચેરીનો તા.૩૦/૦૫/૨૦૨૨નો પરિપત્ર ક્રમાંક: શ્ર.આ.ક/પરિપત્ર/૪૩૮થી૪૩૯/૨૦૨૨
(૩) શ્રમ આયુક્તની કચેરીનો તા. ૦૧/૦૪/૨૦૨૩નો પરિપત્ર ક્રમાંક: શ્ર.આ.ક/ટે.૩/૧૯૯/૨૦૨૩
(૪) શ્રમ આયુક્તની કચેરીની તા.૧૫/૦૨/૨૦૨૪ ની સિંગલ ફાઇલ ક્રમાંક: ૧૮/૨૦૨૪ થી મળેલ દરખાસ્ત.

આમુખ:

શ્રમ આયુક્તની કચેરી,ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૩) ના પરિપત્રથી ગુજરાત સરકારના વિવિધ વિભાગો/ કચેરીઓ/ બોર્ડ/ કોર્પોરેશન દ્વારા કોન્ટ્રાક્ટર/ આઉટ સોર્સીંગ એજન્સી મારફત રોકવામાં આવેલ શ્રમયોગીઓ/કર્મચારીઓને લાગુ પડતા શ્રમ કાયદાઓની કાયદાકીય જોગવાઈઓ અંગે માહિતગાર કરવામાં આવેલ છે.

તે ઉપરાંત, શ્રમ આયુક્તની કચેરી,ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના પરિપત્રથી કોન્ટ્રાક્ટર/ ઔધોગિક એકમ/ સંસ્થા દ્વારા મુખ્ય માલિક પાસેથી શ્રમયોગીના/કર્મચારીના ESI તથા EPF ના ફાળામાં જમા કરાવવા માટે વસુલ કરેલ રકમ યોગ્ય રીતે જમા થાય તે સુનિશ્ચિત કરવા માટે સૂચના આપવામાં આવેલ હતી.

આમ છતાં, આઉટસોર્સિંગ એજન્સીઓ /કોન્ટ્રાક્ટરો દ્વારા શ્રમકાયદાની જોગવાઈઓનું યોગ્ય રીતે પાલન થતું ન હોવાનું સરકારશ્રીના ધ્યાને આવેલ છે. આથી, સરકારશ્રીના વિવિધ વિભાગો/ ખાતાના વડાઓ/ તાબાની કચેરીઓ/ બોર્ડ/ કોર્પોરેશન/નિગમ દ્વારા આઉટસોર્સીંગ/ કોન્ટ્રાક્ટ પદ્ધતિથી કર્મચારીઓ/ શ્રમયોગીઓને કામે રાખતી વખતે નીચે મુજબની સૂચનાઓનું પાલન સુનિશ્ચિત કરવા આથી ઠરાવવામાં આવે છે.

ઠરાવ :

(અ) સરકારશ્રીના વિવિધ વિભાગો/ ખાતાના વડાઓ/ તાબાની કચેરીઓ/ બોર્ડ/ કોર્પોરેશન/નિગમ દ્વારા આઉટસોર્સીંગ/ કોન્ટ્રાક્ટ પદ્ધતિથી કર્મચારીઓ/ શ્રમયોગીઓને કામે રાખતા પહેલાં/એક્સટેંશન આપતા પહેલા નીચેની વિગતો સુનિશ્ચિત કરવાની રહેશે.

1. સંબંધિત કોન્ટ્રાક્ટર/આઉટસોર્સિંગ એજન્સીએ લાગુ પડતાં પ્રોવિડન્ડ ફંડ અને પરચૂરણ જોગવાઈઓનો અધિનિયમ,૧૯૫૨ હેઠળ નોંધણી કરાવેલ હોવી જોઇએ.

2. જે વિસ્તાર કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ આવરી લેવાયેલ હોય તેવા વિસ્તારોમાં સંબંધિત કોન્ટ્રાક્ટર/આઉટસોર્સીંગ એજન્સીએ કામદાર રાજ્ય વીમા અધિનિયમ,૧૯૪૮ હેઠળ નોંધણી કરાવેલ હોવો જોઇએ.
3. કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ,૧૯૭૦ હેઠળ ૫૦ થી વધુ શ્રમયોગી કામે રાખનાર મુખ્યમાલિક/આઉટસોર્સથી પૂરા પાડનાર સંબંધિત કોન્ટ્રાક્ટર/આઉટસોર્સીંગ એજન્સીએ રજીસ્ટ્રેશન તથા લાયસન્સ મેળવેલ હોવા જોઇએ. અને લાગુ પડતા હોય તેવા કિસ્સામાં ગત વર્ષનું રિટર્ન (Consolidated Annual Return - CAR) ભરેલ હોવું જોઇએ.
4. સંબંધિત કોન્ટ્રાક્ટર/આઉટસોર્સીંગ એજન્સીના અન્ય ચાલુ કામોમાં કામે રાખેલ શ્રમયોગીઓ/ કર્મચારીઓના કિસ્સામાં EPF/ESI નો ફાળો નિયમિત ભરતા હોવા જોઇએ અને તેની ખાત્રી કરવા માટે EFP Portal નો ઉતારો રજુ કરવાનો રહેશે.

(બ) કોન્ટ્રાક્ટર/ આઉટસોર્સીંગ એજન્સીને વર્ક ઓર્ડર આપ્યા પછી સંબંધિત કોન્ટ્રાક્ટ્રર/ આઉટસોર્સીંગ એજન્સી દ્વારા બિલ રજૂ કરવામાં આવે ત્યારે, નીચે મુજબની વિગતો સુનિશ્ચિત કરવાની રહેશે.

1. કોન્ટ્રાક્ટર/ આઉટસોર્સીંગ એજન્સી મારફત કામે રાખેલ શ્રમયોગીઓ/કર્મચારીઓને સંબંધિત માસની પગારચિઠ્ઠી આપવામાં આવેલ છે અને પગાર સીધા બેંક ખાતામાં ચૂકવવામાં આવે છે તેની ખરાઈ કરવી.
2. સરકારશ્રીના વિવિધ વિભાગો/ ખાતાના વડાઓ/ તાબાની કચેરીઓ/ બોર્ડ/ કોર્પોરેશન/નિગમ પાસેથી વસૂલ કરેલ EPF/ESI નો ફાળો સંબંધિત કર્મચારીના EPF/ESI ખાતામાં જમા કરાવવામાં આવેલ છે તે માટે EPF /ESI ના ફાળાની પહોંચ મેળવવાની રહેશે.
3. શ્રમયોગીઓ/ કર્મચારીઓને દિવસનાં આઠ કલાકથી વધુ કામ કરાવવાના કિસ્સામાં, વેતનના સામાન્ય દર પ્રમાણે બમણા દરે ઓવરટાઇમ વેતન ચૂકવવાનું રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.જી.બંધિયા )
ઉપસચિવ
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

પ્રતિ,

૧. અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી /સચિવશ્રી ..................................વિભાગ*

૨. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, *

૩. સર્વે કલેક્ટરશ્રી,*

૪. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.*

૫. આઇ.ટી.ઓફીસરશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ-વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.

૬. શાખા સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.

*આપના તથા આપના હેઠળના સર્વે ખાતાના વડા તથા તાબાની કચેરીઓને પરિપત્રિત કરી ઉક્ત ઠરાવની ચૂસ્તપણે અમલવારી થાય તે સુનિશ્ચિત કરવાની વિનંતી સહ.